# ચિલોડા પોલીસ કેમ્પસમાંથી જ ગઠીયો મોડી રાત્રે ટેમ્પો ઉઠાવી ફરાર

## ચિલોડા પોલીસે દારૂના ગુનામાં ઝડપેલો મુદ્દામાલની પણ પોલીસની નજર સામે જ ચોરી : ચોરીની ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં દોડધામ આખરે ભાવનગરથી ટેમ્પો ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૩

ચિલોડા પોલીસે ગત રોજ ચિલોડા સર્કલ પાસેથી વિદેશી દારૂ અને બિયરના જથ્થો છોટા હાથી ટેમ્પામાંથી ઝડપી પાડ્યો હતો. પોલીસ દારૂના જથ્થા સાથે એક ટેમ્પો મળી કુલ રૂ. ૩.૮૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને મુદ્દામાલમાં સામેલ ટેમ્પો પોલીસ કંપાઉન્ડમાં મુક્યો હતો. જે છોટા હાથી ટેમ્પો મોડી રાત્રે કોઈ ગઠીયો પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાંથી પોલીસની નજર સમક્ષથી ઉઠાવી જતા પોલીસબેડામાં ભારે દોડધામ મચી જવા પામી હતી. આખરે પોલીસના ઉચ્ચ અધિકારીઓએ ભારે મથામણ બાદ ભાવનગર ખાતેથી ચોરાયેલ ટેમ્પા સાથે આરોપીને ઝડપી ગાંધીનગર લઈ આવતા પોલીસે રાહતનો દમ લીધો હતો.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આ ઘટનાની વિગત એવી છે કે ચિલોડા પોલીસે બાતમીના આધારે ગતરોજ ચિલોડા સર્કલ પાસે વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલ નંબર વગરનો છોટાહાથી ટેમ્પો ઝડપી પાડ્યો હતો અને બે શખ્સોની ધરપકડ કરી હતી. દરમિયાન પોલીસે દારૂ અને છોટાહાથી ટેમ્પો કબજે કરી મુદ્દામાલ પોલીસ કંપાઉન્ડમાં મુક્યો હતો. મોડી રાત્રે પોણા ત્રણ વાગ્યાના સમયે ચિલોડા પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં મુકેલ ટેમ્પો પોલીસની નજર સમક્ષથી કોઈ ઈસમ ઉઠાવી છુમંતર થઈ ગયો હતો. થોડીવાર બાદ આ ટેમ્પો ચોરી થવાની વાત પોલીસ મથકમાં માલુમ પડતા પોલીસ સ્ટેશનના પી.આઈ. સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં દાડધામ મચી જવા પામી હતી. પોલીસમથકમાં પોલીસની નજર સમક્ષથી જ મુદ્દામાલની ચોરી થવાની ઘટનાને પોલીસે ગંભીરતાથી લઈ શોધખોળ હાથ ધરતા પોલીસને ટેમ્પો ભાવનગર હોવાની માહિતી મળતા ચિલોડા પોલીસ મથકના પી.એસ.આઈ. એમ.ડી. પરમાર પોતાની ટીમ સાથે ભાવનગર પહોંચી છોટાહાથી ટેમ્પોના મૂળ માલિક જયદિપસિંહ રેવતાસિંહ ગોહિલને મુદ્દામાલમાંથી ચોરાયેલ છોટાહાથી ટેમ્પા સાથે ઝડપી પાડી ગાંધીનગર ખાતે લઈ આવવામાં આવ્યો હતો. અને તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચિલોડાના પી.આઈ.ની તાત્કાલિક અસરથી બદલી

ચિલોડા પોલીસમથકેથી દારૂના ગુનામાં પકડાયેલ છોટા હાથી ટેમ્પો ચિલોડા પોલીસમથકના જ કમ્પાઉન્ડમાં ગતરોજ મોડી રાત્રે ગઠીયો પોલીસની નજર સમક્ષથી જ ઉઠાવી ગયો હતો. જે ઘટનાને લઈ જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની ઉંઘ હરામ થઈ ગઈ હતી. આખરે પોલીસ ચોરાયેલા છોટા હાથી ટેમ્પોને ભાવનગર ખાતેથી પકડી પાડ્યો હતો. આ ઘટનાના પગલે જિલ્લા પોલીસતંત્ર ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. જેને લીધે જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ચોકી ઉઠ્યા હતા. જ્યારે પોલીસ સ્ટેશનમાં જ મુદ્દામાલ સલામત ન હોવાનું સ્પષ્ટ થતા ચિલોડા પોલીસમથકના પી.આઈ. આર.જી. ભાવસાર તાત્કાલિક અસરથી બદલી ગાંધીનગર એલ.આઈ.બી. શાખામાં કરી નાંખવામાં આવી છે. જ્યારે એલ.આઈ.બી. પી.આઈ. કે.એમ. પ્રિયદર્શીને ચિલોડાના પી.આઈ. તરીકે મુકવામાં આવ્યા છે.



સમાજકલ્યાણ સંઘ સંચાલીત મહિલા સિવણ વર્ગ સેક્ટર-૨૨ ખાતે તારીખ ૨૧ થી ૨૬ જુલાઈ સુધી ટેકનીકલ બોર્ડ દ્વારા ટીટીએનસી, માસ્ટરર્સ ટેલરીંગ, એમ્બ્રોઈડરી એન્ડ ફેન્સીવર્ક, ગારમેન્ટ મેકીંગની પરીક્ષા લેવાઈ રહી છે. સવારે ૧૦થી ૨ અને બપોરે ૩ થી ૬ દરમ્યાન લેવાનાર આ પરીક્ષામાં ૫૦ જેટલી બહેનો હાજરી આપી રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લા પંચાયતમાં પસંદગી પામેલ ઉમેદવારોને નિમણુંક પત્રો અપાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ખાલી પડેલી જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવી હતી. પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોને ગાંધીનગરના પ્રભારી મંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે નિમણુંક પત્રો આપવામાં આવશે.

જિલ્લા પંચાયત સેવા પસંદગી ગાંધીનગર દ્વારા ગત તા. ૨૨ અને ૨૩ ફેબ્રુઆરીના રોજ જુનિયર કલાર્ક, તલાટી કમ મંત્રી, ફિમેલ હેલ્થ વર્કર અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની પરીક્ષા યોજાઈ હતી. જેમાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોને તા. ૨૫ જુલાઈ બપોરે ૪.૦૦ વાગે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ઓડિટોરિયમ હોલમાં નીતિનભાઈ પટેલ મંત્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણના હસ્તે નિમણુંક પત્રો એનાયત કરવામાં આવશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી વિકટર મેકવાન સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા આઈ ચેક અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટીના સહયોગથી વાવોલ સરકારી પ્રાથમિક શાળામાં પ્રોગ્રામ ઓફીસર ડો. શિલ્પાબેન ભટ્ટના નેતૃત્વ હેઠળ શ્રી ચતુરભાઈ પટેલ દ્વારા શાળાના ૩૫૦ બાળકોની આંખોની તપાસ કરવામાં આવી. તેમાં ૧૫ વિદ્યાર્થીઓને ચશ્માનાં નંબર જણાતા તેનું નિદાન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં શ્રી ચતુરભાઈએ સેવાઆપી હતી. તેમજ શાળાના પ્રિન્સીપાલ શ્રીમતી દક્ષાબેન અને શિક્ષકોએ સુંદર સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સાઈટ ફર્સ્ટના ચેરપર્સન પ્રિયાબેન મણીક, લાયોનેસ પ્રમુખ ચંદાબેન, સેક્રેટરી ડિમ્પલ, ટ્રેઝરર દક્ષાબેન તેમજ વૈશાલીબેન, દેવલબેન, લીલાબા દેસાઈ, સાધનાબેન, મિત્તલબેન, નિમિષાબેન, ચેતનાબેન વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

## માણસા પાલિકાના મનસ્વી વર્તન સામે વેપારી મહામંડળ આજે બંધ પાળશે

ગાંધીનગર, તા. ૨૩

માણસા વેપારી મહામંડળ માણસા નગરપાલિકાના અન્યાયી, પક્ષપાતી અને આપખુદશાહી વલણ સામે આજે વિશાળ રેલી કાઢવામાં આવશે. જિલ્લાના માણસા શહેરમાં નગરપાલિકા દ્વારા વેપારીઓને કનડગત કરવામાં આવી રહ્યા છે. પાલીકા દ્વારા વેપારીઓ સામે અત્યાચારી અને માનવતા વિરોધી વલણ અપનાવવામાં આવી રહ્યું છે. તેમ વેપારી મહામંડળ દ્વારા જણાવાવમાં આવ્યું છે. ત્યારે મહામંડળ દ્વારા આજે માણસા બંધનું એલાન આપવામાં આવ્યું છે અને વેપારી મહામંડળ દ્વારા વિશાળ રેલી યોજવામાં આવશે.

# આદિવાડા ગામે ગેસ સિલિન્ડર લીકેજ થતા આગ

## ફાયરબ્રિગેડની ટીમે તુરંત ઘટના સ્થળે દોડી આવી આગ પર કાબુ મેળવ્યો હતો : આગમાં કોઈ જાનહાની થવા પામી નથી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક આદિવાડા ગામે એક રહેણાંક મકાનમાં ગેસનો સિલિન્ડર લીકેજ થતા અચાનક જ ઘરમાં આગ ભભૂકી ઉઠી હતી. આગની જ્વાળાઓ વધુ ખતરનાક બનતા મકાનમાલિકે ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

ગાંધીનગર નજીક આદિવાડા ગામે મંગળસિંહ રાજપૂત પોતાના પરિવાર સાથે મકાન નં. ૧૦૪માં રહે છે. દરમિયાન આજે મકાનમાં ગેસ સિલિન્ડર લીકેજ થતા અચાનક જ આગ ભભુકી ઉઠી હતુ. આથી તમામ પરિવારજનો ઘરની બહાર દોડી આવ્યા હતા અને તુરંત ગાંધીનગર ફાયરક બ્રિગેડને જાણ કરતા ફાયર ઓફિસર મહેશ મોઢ તાત્કાલિક પોતાની ટીમ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. અને ભારે જહેમત બાદ આગની ઉપર કાબુ મેળવ્યો હતો. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. પરંતુ થોડી ઘણી ઘરવખરી બળી જવા પામી હતી.



**ફેટ એનાલીસીસ કેમ્પ**

ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે ડ્રાઈવર કન્ડકટરોને અનુલક્ષી ફેટ એનાલીસીસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ડૉ. કીંજલ મોદીના સહયોગથી ૧૩૦ જેટલા ડ્રાઈવર કન્ડકટરોના વજન, ચરબી તેમજ લોહીની તપાસ કરવામાં આવી હતી.

# આઈ કાર્ડ વિના કુરિયર બોય ડીલીવરી આપવા આવે તો પોલીસને જાણ કરવી

## કુરિયરના નામે ચોરી કરતા ગઠિયાઓથી બચવા એસોસિએશનનું પગલુ

ગાંધીનગર, તા.૨૩

શહેરમાં તસ્કરો દ્વારા અલગ અલગ કિમીયા કરી મહિલાઓને ટાર્ગેટ કરવામાં આવે છે. શહેરમાં કુરિયર બોય બનીને ચોરી કરતા ગઠિયાઓનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે ગાંધીનગર કુરિયર એસોસિએશન દ્વારા ડીલીવરી બોયને આઈ કાર્ડ આપવામાં આવ્યા છે. શહેરીજનોએ આઈ કાર્ડ ન લગાવેલ હોય તેવા ચોરોને ઘરમાં પ્રવેશ ન આપવા જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં જ બે ઘટનાઓ બનવા પામી છે. કુરિયર બોય બનીને અઠંગો ચોરી કરી મહિલાઓને શિકાર બનાવે છે. ત્યારે ગાંધીનગર કુરિયર એસોસિએશન દ્વારા ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા પોતાના ડીલીવરી બોયને આઈકાર્ડ આપવામાં આવ્યા છે.

તેમણે ગાંધીનગરની જનતાને જણાવ્યું છે કે એસોસિએશન દ્વારા શહેરમાં આવેલી તમામ કુરિયરની ઓફિસો દ્વારા પોતાના ડીલીવરી બોય માટે આઈ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે ત્યારે આઈ કાર્ડ વિના કુરિયર બોય ઘરમાં પ્રવેશ કરે તો તેની સામે કડક પગલાં ભરવા તેમજ ચોરીની ઘટના ન બને તે માટે તુરંત પોલીસને જાણ કરવી.

# હવે રેશિયો નહી જાળવનાર કોલેજોની મંજુરી રદ કરાશે

અમદાવાદ, તા. ૨૩

વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે શૈક્ષણિક સ્ટાફ હોવો જોઈએ તેવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં રાજ્યની અનેક એન્જીનીયરીંગ કોલેજોમાં વિદ્યાર્થી અને શૈક્ષણિક સ્ટાફનો રેશિયો જળવાતો નથી ત્યારે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ આવી કોલેજોને કોર્સ ચલાવવાની મંજુરી નહીં આપવાનો નિર્ણય કર્યો છે જેના કારણે આ વર્ષે રાજ્યમાં ૫૦૦૦ બેઠકનો ઘટાડો થવાની સંભાવના છે. જેના લીધે રાજ્યની એન્જીનીયરીંગ કેલોજોમાં ખળભળાટ મચી પામ્યો છે.

રાજ્યની વિવિધ એન્જીનીયરીંગ કોલેજોમાં વિદ્યાર્થીઓ અને ટિચીંગ સ્ટાફનો રેશિયો બરાબર બળવાતો ન હોવાથી શિક્ષણની ગુણવત્તા ઉપર અસર પડતી હોવાની બાબત જીટીયુના સત્તાધીશો સમક્ષ આવી હતી. જેને કારણે જીટીયુ દ્વારા રાજ્યની તમામ કોલેજોને વિદ્યાર્થીઓની સંખ્યાના રેશિયો મુજબ શૈક્ષણિક સ્ટાફ રાખવાની સુચના આપવામાં આવી છે જે કોલેજમાં વિદ્યાર્થી અને શૈક્ષણિક સ્ટાફનો રેશિયો જળવાતો ન હોય તેવા કોલેજોને આ વખતે કોર્સ ચલાવા માટેની મંજુરી આપવાનો ઈન્કાર કરી દીધો છે. જીટીયુના આ નિર્ણયના કારણે રાજ્યની વિવિધ એન્જીનીયરીંગ કોલેજોને આ વર્ષે કોર્ષ ચલાવવાની મંજુરી નહીં આપવામાં આવે. જેના કારણે રાજ્યમાં ૫૦૦૦ જેટલી બેઠક રદ થવાની સંભાવના છે. આ અંગે જીટીયુના કુલપતિ અક્ષય અગ્રવાલે જણાવ્યું હતું કે આમાં કશું નવું નથી કર્યું માત્ર ઓલ ઈન્ડિયા કમિટી ફોર ટેકનિકલ એજ્યુકેશનના ધારાધોરણનું સંગલ્ન કોલેજોને પાલન કરવા જણાવ્યું છે. વર્ષ ૨૦૧૦માં જીટીયુની રચના થઈ ત્યારે સંલગ્ન કોલેજોને થોડી છુટછાટ અપાઈ હતી. પરંતુ આજે ચાર-ચાર વર્ષ બાદ પણ જો કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યાની સામે પુરતા અધ્યાપકો ન હોય તો વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળી ન શકે. આથી જીટીયુ દ્વારા જે કોલેજોમાં વિદ્યાર્થી અને શૈક્ષણિક સ્ટાફનો રેશિયો જળવાતો ન હોય તેમને સુચના આપવામાં આવી છે કે આ વર્ષે તમને કોર્સ ચલાવવાની મંજુરી આપવામાં નહીં આવે. યોગ્ય શૈક્ષણિક સ્ટાફની ભરતી કર્યા બાદ તે અંગે જીટીયુ દ્વારા ચકાસણી કર્યા બાદ જ અભ્યાસક્રમ ચલાવવાની મંજુરી આપવામાં આવશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ઉચા પરિણામ છતાં આ વખતે એન્જીનીયરીંગમાં ૧૦થી ૧૫ હજાર બેઠક ખાલી રહી શકે છે

# અમદાવાદમાં ત્રણ નવી શાળાઓ શરૂ કરવાની બહાલી અપાઈ

અમદાવાદ, તા.૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યમાંથી નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે આવેલ આઠ અરજીઓ પૈકી ત્રણ શાળાઓને મંજુરી આપવામાં આવી છે. આ ત્રણેય શાળાઓ અમદાવાદની એચબી કાપડીયા શાળાના સંચાલકોની મંજુર કરવામાં આવી છે જ્યારે અન્ય સંસ્થાઓની અરજીને ફગાવી દીધી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સમક્ષ રાજ્યમાંથી નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટેની આઠ અરજીઓ આવી હતી જેમાંથી પાંચ અરજીઓ માધ્યમિક શાળા માટે અને ત્રણ અરજીઓ ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવામાટે મળી હતી. જેમાંથી શિક્ષણ બોર્ડ દ્વારા એક માધ્યમિક અને બે ઉચ્ચતર માધ્યમિક શાળાને કામચલાઉ મંજુરી આપવામાં આવી છે જ્યારે માધ્યમિક વિભાગમાં નવસારીના શ્રીમતી વિદ્યાદેવી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા વીજલપોટ નવસારી ખાતે અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવાની, કચ્છના બે ટ્રસ્ટ દ્વારા મેઘરજ, અંજાર અને ગાશીશા, માંડવી પોતે તેમજ અમદાવાદના ટ્રસ્ટ દ્વારા ફતેવાડીમાં શાળા શરૂ કરવાની માંગણી કરાઈ હતી. તમામ અરજીઓનો શિક્ષણ બોર્ડ દ્વારા ફગાવી દેવામાં આવી છે. આ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સુરેન્દ્રનગરના જ્ઞાનગંગા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટને હળવદ ખાતે સામાન્ય પ્રવાહની ગુજરાતી માધ્યમની શાળા શરૂ કરવાની માંગણી ના મંજુર કરવામાં આવી છે જ્યારે માત્ર એચબી કાપડિયા શાળાના સંચાલકોની ત્રણ શાળાઓ શરૂ કરવાની અરજીનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમાંથી એક અંગ્રેજી માધ્યમની શાળા અને ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહની એક અને વિજ્ઞાન પ્રવાહની એક શાળાનો સમાવેશ થાય છે. આ શાળાઓ અંગ્રેજી માધ્યમમાં શરૂ થશે તમામ શાળાઓ ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮

સૂર્યાસ્ત : ૭.૨૩

## તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૭૯ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૩૦

હેટ સ્ટોરી ૨ : ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

પિઝા (૩ડી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦

અમીત સાહની કી લીસ્ટ : ૧૨.૩૦, ૨.૪૫

રિયાસત : ૫.૦૦

લાઈ ભારી (મરાઠી) : ૭.૦૦, ૧૦.૦૦

એક વિલન : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

એક વિલન : ૬.૪૫

અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦

હેટ સ્ટોરી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫

ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫

: સ્ક્રીન-૨ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે), ૮.૩૦ (સાંજે)

એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫

સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫

: સ્ક્રીન-૩ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હેટ સ્ટોરી-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ધાર્મિક કાર્યક્રમ

- અષાઢ વદ તેરસ, તા. ૨૪-૭-૨૦૧૪, ગુરવારના રોજ શોષની ઘટાના હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## આપની આજ

**મેષ** : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : વિવાદોથી બચવું. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. નિષ્ઠાથી કાર્ય કરો. સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : સહયોગ અને સારા સંબંધોને કારણે લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

**કુંભ** : સંગીતક્ષેત્રમાં રૂચિ વધશે. ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિધ્ધ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. રબારી લીલાભાઈ દેવકરણભાઈ (ઉ.વ.૬૨) મુ. .પો. આદિવાડા, સેક્ટર-૨૮, ગાંધીનગર.